# સુરતમાં કોમર્શિયલ લિફ્ટ તૂટતાં બે કામદારોનાં મોત

**સચિન જીઆઈડીસીમાં કમનસીબ ઘટના : મધુનંદન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીની અંદર કોમર્શિયલ લિફ્ટમાં માલ સામાન ચઢાવતી વખતે બનેલી ઘટનામાં મોત નીપજ્યાં**

સુરત, તા.૨૯

સચીન જીઆઈડીસી વિસ્તારમાં છાસવારે દુર્ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે સચિન જીઆઈડીસીમાં કોમર્શિયલ લિફ્ટ તૂટી પડતાં બે કામદારોના મોત નીપજ્યાં હતાં. માલ સામાન ચઢાવતી વખતે સર્જાયેલી દુર્ઘટનામાં બે કામદારોના મોત થયા હતાં. જેથી મૃતકના સ્વજનો અને સંબંધીઓ શોકમાં ગરકાવ થઈ ગયાં હતાં. પોલીસે ઘટનાને લઈ તપાસ હાથ ધરી છે.

સચિન જીઆઈડીસીમાં આવેલી મધુનંદન ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં દુર્ઘટના સર્જાઈ હતી. ધર્મેશ્વર બેઠા અને સંદીપ ચૌહાણ નામના કામદારોના મોત થયાં હતાં. કંપનીની અંદર કોમર્શિયલ લિફ્ટમાં માલ સામાન ચઢાવતી વખતે બનેલી ઘટનામાં મોત નીપજ્યાં હતાં. બંને કામદારોના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં. હાલ સચિન જીઆઈડીસી પોલીસ દ્વારા ઘટના અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. કામદારોના મોતને પગલે મૃતકોના પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# શ્રાવણ શુક્લ ત્રયોદશીના પર્વ પર શ્રી સોમનાથ મહાદેવને ભસ્મ દર્શન શૃંગાર



વૈરાગ્ય અને નિર્મોહ ભાવના નું પ્રતીક કહેવામાં આવે છે શિવજી નો ભસ્મ શ્રૃંગાર. શ્રાવણ માસ પોતાના મધ્યમાં પહોંચ્યો છે. સોમનાથ તીર્થમાં શ્રદ્ધાળુઓનું માનવ મહેરામણ ઉમટી રહ્યો છે. પ્રતિ દિન સંધ્યા સમયે મહાદેવની કરવામાં આવતા વિશેષ શૃંગાર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બન્યા છે.ત્યારે આજરોજ શ્રાવણ શુક્લ ત્રયોદશી ના પર્વ પર સોમનાથ મહાદેવને ભસ્મ દર્શન શૃંગારથી સુશોભિત કરવામાં આવ્યા હતા. સમગ્ર જ્યોતિર્લિંગ પર ભસ્મ નો લેપ લગાવવામાં આવ્યો હતો. અને જ્યોતિર્લિંગ કેન્દ્રમાં શિવજીનું વૈરાગકારી સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું હતું. મહાદેવના આ અલૌકિક શૃંગારના દર્શન કરી શ્રદ્ધાળુઓ ધન્ય બન્યા હતા અને સમગ્ર સોમનાથ મંદિર પરિસર હર હર મહાદેવ જય સોમનાથના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

**રાખડી બાંધવાને લઈ મૂંઝવણ યથાવત**

# ડાકોર-દ્વારકામાં ૩૧ તો ઈસ્કોન મદિરમાં ૩૦ ઓગસ્ટે ઉજવણી

અમદાવાદ, તા.૨૯

આ વર્ષે રક્ષાબંધનમાં રાખડી ૩૦ ઓગસ્ટે બાંધવી કે ૩૧ ઓગસ્ટના તેને લઈ ભારે મૂંઝવણ છે. મંદિરોમાં પણ અલગ અલગ દિવસે ઉજવણી કરવામાં આવી રહી છે. ડાકોરના રણછોડરાયજી મંદિર, દ્વારકા, શક્તિપીઠ અબાજીમાં રક્ષાબંધનની ઉજવણી ૩૧ ઓગસ્ટે થશે. જ્યારે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં ૩૧ ઓગસ્ટે, જ્યારે ઈસ્કોન, હરેકૃષ્ણ મદિરમાં ૩૦મી તારીખે રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવશે. જો કે જ્યોતિષીઓનં માનવું છે કે શ્રાવણ સુદ પૂનમ આ વખતે ૩૦ ઓગસ્ટે સવારે ૧૦ વાગ્યેને ૫૯ મિનિટથી શરૂ થાય છે અને તે ૩૧ ઓગસ્ટે સવારે ૭ વાગ્યેને ૬ મિનિટ સુધી છે. ૩૦ ઓગસ્ટે રાત્રે ૯ વાગ્યાના ૫ મિનિટેથી ૧૦ વાગ્યાને ૫૫ મિનિટનો રાખડી બાંધવા માટે મૂહૂર્ત છે. રક્ષાબંધન ૩૦ કે ૩૧ તારીખે છે, તેને લઈને લોકોમાં મતભેદ છે. પરંતુ જ્યોતિષ અને પંચાંગ અનુસાર શ્રાવણી અથવા સાવન પૂર્ણિમા તિથિ ૩૦ ઓગસ્ટના રોજ સવારે ૧૦:૫૮ કલાકે શરૂ થઈ રહી છે અને ૩૧મી ઓગસ્ટના રોજ સવારે ૦૭:૦૫ કલાકે સમાપ્ત થશે. બીજી તરફ ૩૦ ઓગસ્ટે પૂર્ણિમા તિથિ સાથે ભદ્રકાળ પણ સવારે ૧૦:૫૮થી શરૂ થઈ રહ્યો છે, જે રાત્રે ૦૯:૦૨ સુધી ચાલશે. શાસ્ત્રોમાં ભદ્રકાળમાં રાખડી બાંધવી અશુભ માનવામાં આવે છે. બપોરનો સમય રાખડી બાંધવા માટે યોગ્ય છે. પરંતુ વર્ષ ૩૦ અને ૩૧ ઓગસ્ટના કોઈપણ દિવસે બપોરે રાખડી બાંધવાનો કોઈ શુભ સમય નથી. તેથી, ૩૦ ઓગસ્ટના રોજ ભદ્રકાળની સમાપ્તિ પછી, તમે રાત્રે ૦૯:૦૩ થી ૩૧ ઓગસ્ટની સવારે ૭:૦૫ સુધી રાખડી બાંધી શકો છો. આ સમય રાખડી બાંધવા માટે યોગ્ય છે.

રાખડી બાંધવાનો શુભ સમય (રક્ષાબંધન શુભ મુહૂર્ત)

અમૃત સર્વોત્તમ મુહૂર્તઃ ૩૦ ઓગસ્ટ રાત્રે ૯.૩૪ થી ૧૦.૫૮ સુધી.

યોગ્ય સમયઃ ૩૦ ઓગસ્ટ રાત્રે ૦૯:૦૩ વાગ્યાથી ૩૧ ઓગસ્ટ સવારે ૦૭:૦૫ વાગ્યા સુધી.

ભદ્રકાળમાં શા માટે રાખડી ન બાંધીએ?

પૌરાણિક માન્યતા અનુસાર, એવું કહેવાય છે કે લંકાપતિ રાવણની બહેન શૂર્પણખાએ ભદ્રકાળમાં જ પોતાના ભાઈને રાખડી બાંધી હતી, જેના કારણે રાવણનો નાશ થયો હતો. આ માન્યતાના આધારે ભદ્રકાળમાં રાખડી ન બાંધવી જોઈએ. ભદ્રકાળમાં રાખડી બાંધવાથી ભાઈની ઉંમર ઓછી થાય છે અને ભાઈ પર આફત આવે છે. રક્ષાબંધનનું નામ સંસ્કૃત પરિભાષા પરથી પડ્યું છે. આમાં 'રક્ષા' એટલે રક્ષણ કરવું અને 'બંધન' એટલે બાંધવું. તેથી જ આ દિવસે બહેનો તેમના ભાઈના કાંડા પર રક્ષાસૂત્ર બાંધે છે, જેને રાખડી પણ કહેવાય છે. તેમજ રક્ષાસૂત્ર બાંધીને બહેનો ભાઈના લાંબા આયુષ્ય, સારા સ્વાસ્થ્ય, પ્રગતિ અને ઉજ્જ્વળ ભવિષ્યની કામના કરે છે. તે જ સમયે, ભાઈઓ તેમની બહેનોને તેમની ક્ષમતા અનુસાર ભેટ આપે છે અને જીવનભર તેમની રક્ષા કરવાનું વચન પણ આપે છે.

# વરણા-ઈટોલા વચ્ચે ટ્રેન ઉથલાવાનો નિષ્ફળ પ્રયાસ

**સતર્કતાથી બે ટ્રેન માથેથી મોટી ઘાત ટળી : આ મામલે સિનિયર સેક્શન એન્જિનિયરે ફરિયાદ કરતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે**

વડોદરા, તા.૨૯

વડોદરાના વરણામાં મોટી દુર્ઘટના ટળી છે. વરણા ઈટોલા વચ્ચે ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ થયો છે. મેટલ ફેનસિંગ પોલ મૂકી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ થયો છે. આ સાથે જ ટ્રેક ઉથલાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. પાઈલટની સતર્કતાથી ૨ એક્સપ્રેસ ટ્રેનનો આબાદ બચાવ થયો છે. આ સમગ્ર મામલે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. વડોદરાના વરણામાં ઈટોલા વચ્ચે રેલવે ટ્રેક પર પોલ મૂકી ટ્રેન ઉથલાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. મોડી રાત્રે ટ્રેનને પસાર થવા માટે સિગ્નલ નહીં મળતા મામલો સામે આવ્યો હતો. કેટલાક અસામાજીક તત્વોએ મેટલ ફેનસિંગ પોલ મૂકી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ૨ ટ્રેનના પાયલોટની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી હતી. ઓખા શાલીમાર એક્સપ્રેસ અને અમદાવાદ પુરી એક્સપ્રેસ ટ્રેનનો આબાદ બચાવ થયો છે.

આ મામલે સિનિયર સેક્શન એન્જિનિયરે ફરિયાદ કરતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. ગઈ કાલે રાત્રે ટ્રેનને પસાર થવા માટે સિગ્નલ નહીં મળતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. મેટલ ફેનસિંગ પોલ મૂકી ટ્રેન ઉઠલાવવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હતો.

વડોદરા સુરત રેલવે લાઈન પર ૩૮૦/૯ અને ૩૮૦/૭ પિલલર વચ્ચે તથા ૩૭૯/૧૭ અને તે૩૭૯/૧૫ પિલલર વચ્ચે મેટલ ફેનસિંગ પોલ અજાણ્યા શખ્સ દ્વારા મૂકી ટ્રેન ઉઠલાવવાનો પ્રયાસ કરાયો હતો. આ ઘટનામાં ઓખા શાલીમાર એક્સપ્રેસ અને અમદાવાદ પુરી એક્સપ્રેસ ટ્રેનનો આબાદ બચાવ થયો છે.

**અમદાવાદમાં પોલીસ તંત્રમાં ધરખમ ફેરફાર**

# ૫૧ પીઆઈની એક સાથે બદલીથી પોલીસ તંત્રમાં સોંપો

**શહેર પોલીસ કમિશ્નર જી.એસ. મલિકના આદેશથી એક જ સ્થાને ત્રણ વર્ષથી ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટરોને વિદાય આપી દેવામાં આવી**

અમદાવાદ, તા.૨૯

શહેરમાં પોલીસ બેડામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. પોલીસ તંત્રમાં બદલીનો ગંજીફો ચીપાયો છે. એક સાથે ૫૧ પોલીસ ઈન્સપેક્ટરોની બદલીથી સમગ્ર બેડામાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. શહેર પોલીસ કમિશ્નર જી.એસ. મલિકના આદેશથી એક જ સ્થાને ત્રણ વર્ષથી ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટરોને વિદાય આપી દેવામાં આવી છે. શહેરમાં કંટ્રોલ રૂમ, સાયબર ક્રાઈમ, ટ્રાફિક, ક્રાઈમ બ્રાંચ સહિતના વિભાગોમાંથી ઈન્સ્પેક્ટરોની બદલી કરી દેવામાં આવી છે.

અમદાવાદ પોલીસ કમિશ્નર બન્યા બાદ જી.એસ. મલિકે મોટા પાયે ફેરબદલીનો આદેશ કર્યો છે. શહેરમાં એક સાથે ૫૧ પોલીસ ઈન્સપેક્ટરોની બદલી કરી દેતાં સમગ્ર તંત્રમાં સોંપો પડી ગયો છે. તે ઉપરાંત લિવરિઝર્વમાં રહેલા ૨૮ ઈન્સપેક્ટરોને નિમણૂંક આપવામાં આવી છે. જ્યારે ૧૫૦ ઈન્સ્પેક્ટરના સ્ટ્રેન્થમાં ત્રીજા ભાગના ઈન્સ્પેક્ટરો બદલીના હુકમોમાં આવી ગયા છે. જ્યારે છેલ્લા ત્રણ વર્ષથી એક જ સ્થાન પર ચીપકી ગયેલા ઈન્સ્પેક્ટરોને વિદાય આપી દેવામાં આવી છે. હવે આગામી દિવસોમાં ફોજદારી બદલીનો લીથો બહાર પડશે.

## મહિલાના ગળામાંથી ચેઈન ખેંચી બે બાઈકચાલક ફરાર

સુરેન્દ્રનગર, તા.૨૯

સુરેન્દ્રનગરના ચોટીલામાં ચેઈન સ્નેચિંગની ઘટના બની છે. મહિલાના ગળામાંથી ચેઈન ખેંચી બે બાઈકચાલક યુવકો ફરાર થઈ ગયા હતા. ચોટીલામાં બનેલી ચેઈન સ્નેચિંગની સમગ્ર ઘટના ઝઝ્રફ કેમેરામાં કેદ થઈ છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ચોરીની ઘટનાઓ સતત સામે આવી રહી છે. ત્યાં સુરેન્દ્રનગરના ચોટીલામાં ચેઈન સ્નેચિંગની ઘટના બની છે. મહિલાના ગળામાંથી ચેઈન ખેંચી બે બાઈકચાલક યુવકો ફરાર થઈ ગયા હતા. ચોટીલામાં બનેલી ચેઈન સ્નેચિંગની સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ છે. પોલીસે શોધખોળ હાથ ધરી છે.



રક્ષાબંધનનો તહેવાર હોવાથી ગીતામંદિર બસ સ્ટેન્ડ પરથી પોતાના વતન તરફ જઈ રહેલા યાત્રિકો નજરે પડી રહયા છે.




નારાયણપુરા ભુયંગદેવ પાસે આવેલ સાધના સ્કુલના વિદ્યાર્થી દ્વારા બનાવેલ ચંદ્રાયાન-૩ની રાખડી

## પુત્રના મોતના સમાચાર સાંભળીને માતાએ પણ અંતે છોડ્યા પ્રાણ

ભાવનગર, તા.૨૯

ભાવનગરની મિલિટ્રી સોસાયટીમાં પ્લોટ નંબર ૧૭૪માં રહેતા કમલેશભાઈ ચંપકલાલ ઠાકરને આંતરડાનું કેન્સર હતુ. તેઓ ઘણાં સમયથી આ બીમારીને કારણે પીડાતા હતા. કમલેશભાઈ ભાવનગર આઈટીઆઈમાં ફોરમેન તરીકે નોકરી કરતા હતા. આ સાથે તેઓ કર્મયોગી મંડળીમાં ડાયરેક્ટર પણ હતા. તેમનું મોડી રાત્રે ૧૨:૩૦ વાગ્યા આસપાસ બીમારીને કારણે નિધન થયું હતું. બીજી બાજુ તેમના માતા મંગલાબેન ઠાકર પણ બીમાર રહેતા હતા. તેઓની ઉંમર ૯૫ વર્ષ જેટલી હતી. તેઓ વધતી ઉંમરને કારણે બીમાર રહેતા હતા. માતાએ જ્યારે પુત્રના નિધનના સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ પણ આ દુખ જીરવી ન શક્યા અને તેમણ પણ પોતાનું પ્રાણ પંખેરુ છોડી દીધું હતુ. માત્ર થોડા જ કલાકોમાં પુત્ર અને માતાની અચાનક વિદાયને કારણે પરિવાર શોક મગ્ન બન્યું હતુ. થોડા સમય પહેલા રાજકોટમાં એક કરૂણ કિસ્સો સામે આવ્યો હતો. શહેરના ભાવનગર રોડ પર આવેલા શિવાજીનગરમાં રહેતા સિરાઝે આપઘાત કરી લીધો હતો. જેમને સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પુત્રનો મૃતદેહ જોઈ માતા મુમતાઝબેન તુરંત નવાગામ આવાસમાં આવેલ પોતાના ઘરે દોડી ગયા હતા અને ઘરના દરવાજાનું તાળુ તોડી અંદર જઈ માતાએ પણ જીવન ટૂંકાવી લીધું હતું. માત્ર દોઢ કલાકના સમયગાળામાં માતા અને પુત્ર બંનેએ જીવન ટૂંકાવી દીધુ હતુ.

### મહિલાઓને ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સબસિડી મળશે. ૩૩ કરોડ લોકો પાસે ગેસ સિલિન્ડર કનેક્શન છે. સાથે જ ૭૫ લાખ નવા કનેક્શન આપવામાં આવશે. તેના પર ૭૬૮૦ કરોડનો ખર્ચ થશે.

ચંદ્રયાન-૩નો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે કેબિનેટે વૈજ્ઞાનિકોની ઐતિહાસિક સિદ્ધિની પ્રશંસા કરી છે. તેમણે જાહેરાત કરી કે દર વર્ષે ૨૩ ઓગસ્ટને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવવામાં આવશે. તેમણે કહ્યું કે ચંદ્રયાન-૩ મિશનની સફળતા માત્ર ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)ની જીત નથી, પરંતુ વૈશ્વિક મંચ પર ભારતની પ્રગતિ અને પ્રગતિનું પ્રતીક પણ છે.કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે ચંદ્રયાન-૩ની સફળતામાં મહિલા વૈજ્ઞાનિકોનું ઘણું મહત્વ છે. આ માટે અમને ગર્વ છે. તેમણે વધુમાં કહ્યું કે, ચંદ્રયાન-૩ની સફળતાથી ભારતે વિશ્વમાં એક અલગ ઓળખ ઉભી કરી છે. આજે આખો દેશ ચંદ્રયાનની સફળતાની ઉજવણી કરી રહ્યો છે. ચંદ્રયાનની સફળતા એ માત્ર ભારતના અવકાશ મિશન સાથે જોડાયેલા લોકોની સિદ્ધિ નથી, સમગ્ર ભારતની સિદ્ધિ છે.

### પુનર્ગઠન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના પી ભટ્ટાચાર્યના સ્થાને પી ચિદમ્બરમની નિમણૂક કરવામાં આવી છે. ભટ્ટાચાર્ય હાલમાં જ નિવૃત્ત થયા છે. પાર્ટીના લોકસભા સાંસદ અધીર રંજન ચૌધરી પહેલાથી જ બીજેપી સાંસદ બ્રિજલાલની આગેવાની હેઠળની હોમ પેનલના સભ્ય છે. આ ઉપરાંત સ્પીકરે કોંગ્રેસના સાંસદ જયરામ રમેશને વિજ્ઞાન અને ટેક્નોલોજી, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન સમિતિના અધ્યક્ષ તરીકે પણ નિયુક્ત કર્યા છે. આ સિવાય છ મુખ્ય સંસદીય સમિતિઓ (ગૃહ, આઈટી, સંરક્ષણ, બાહ્ય બાબતો, નાણાં અને આરોગ્ય)ની અધ્યક્ષતા ભાજપ અથવા તેના સાથી પક્ષો દ્વારા કરવામાં આવે છે.

### ૨૭ ટકા અનામત

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને સરકારે ઝવેરી કમિશનનો રિપોર્ટ જાહેર કર્યો છે. રાજ્યમાં એક વર્ષ કરતાં વધુ સમયથી અનેક પંચાયતોમાં ઓબીસીબેઠકો ખાલી પડી છે. આ પંચાયતોમાં કોંગ્રેસે ૨૭ ટકા ઓબીસીઅનામતની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે, હવે સરકારે ઓબીસી અનામત અંગે જાહેરાત કરી દેતાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટૂંક સમયમાં જાહેર થવાની પણ શક્યતાઓ છે.

આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ભલામણોના આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાવાર અનામત આપી છે. કુલ બેઠકો કરતાં ૫૦ ટકાથી વધે નહીં તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. ૨૦૨૨માં ઝવેરી કમિશનની રચના કરવામાં આવી અને ૨૦૨૩માં અહેવાલ મળ્યો અને ૩ મહિનામાં આ ભલામણનો અભ્યાસ કર્યા બાદ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં અનામત અંગે નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૭ ટકા અનામત અનુસુચૂતિ જનજાતિ અને અનુસુચૂતિ જાતિ અને અન્ય પછાત વર્ગ માટે જે બેઠક છે તે માટે ભલામણ કરી છે.પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ૯ જિલ્લા અને ૬૧ તાલુકામાં આદિવાસી વસ્તી ૫૦ ટકા કરતાં વધારે છે. આ વિસ્તારમાં વસ્તી પ્રમાણે બેઠક ફાળવવામાં આવશે. ૧૦ બેઠકો ઓબીસીને આપીએ છીએ તે ચાલુ રહેશે. જો ૨૫થી ૫૦ ટકા વસ્તી હશે તો નિયમ પ્રમાણે બેઠક આપવી એટલે ઓબીસી બેઠક ઘટી જાય એમ છે. એટલે એવા કિસ્સામાં સરકારે ૧૦ ટકા અનામત યથાવત રાખી છે. યુનિટનો અભ્યાસ કર્યા બાદ ૨૭ ટકા એ ૫૦ ટકા કરતા વધે નહીં તે જોવામાં આવશે. કુલ બેઠકના ૫૦ ટકા બેઠક અનામત એટલે કે ૨૭ ટકા અનામત સાથે થાય છે. ભલામણ સ્વીકારી હોય અને એમાં પણ ઓબીસીને મહત્વ અને પ્રતિનિધિત્વ મળી રહે એટલે ખૂબ ઝડપથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી થાય એમાં સરકારને રસ છે. હાલનું જે સીમાંકન એ પ્રમાણે ચૂંટણી યોજાશે.સુપ્રીમ કોર્ટના હુકમ બાદ રાજ્ય સરકાર દ્વારા ૮ જુલાઈ ૨૦૨૨ના રોજ ઝવેરી પંચની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક રાજ્યના એકમોમાં અન્ય પછાત વર્ગોની બેઠકો નક્કી કરતા પહેલા આવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પછાતપણાના સ્વરૂપ અને અસરો તેમજ રાજનીતિ પરિસ્થિતિ અનુસાર પંચને વિશ્લેષણ કરીને સંપૂર્ણ રિપોર્ટ માટે રાજ્ય સરકારે સૂચના આપી હતી.

### હટાવવી પડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિલીન કરી દેવામાં આવ્યું છે. આ દરમિયાન તેમણે નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના આરોપોનો પણ જવાબ આપ્યો અને કહ્યું કે, આ સાચું છે કે કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. પરંતુ આનાથી રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત થઈ છે.આ દરમિયાન તેમણે કલમ ૩૫એનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, તે જમ્મુ-કાશ્મીરના લોકો વચ્ચે ભેદભાવ કરે છે. ત્યાં રહેતા લાખો લોકોને મતદાન, શિક્ષણ અને સમાન રોજગારની તકો જેવા મૂળભૂત અધિકારો પણ મળ્યા નથી. તેમણે કહ્યું કે, ચીફ જસ્ટિસે પણ સ્વીકાર્યું છે કે કલમ ૩૫એ લોકો સાથે ભેદભાવ કરતી હતી. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના નિર્ણયને સાચો ગણાવતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ પછી એવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, જેનાથી બંધારણનું ઉલ્લંઘન થયું હોય.રાજ્યની બે મોટી પાર્ટી નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ કેન્દ્રના નિર્ણય વિરુદ્ધ અપીલ દાખલ કરી છે. બંને પક્ષોનું કહેવું છે કે, આના કારણે રાજ્યની સ્વાયત્તતા છીનવાઈ ગઈ છે. તેના પર કેન્દ્ર સરકારે કહ્યું કે સત્ય એ છે કે કલમ ૩૭૦ હટાવ્યા પહેલા લોકોને ઘણા મૂળભૂત અધિકારો નહોતા. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, નેશનલ કોન્ફરન્સ અને પીડીપી દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરના ગૌરવના નામે આ પક્ષોએ હંમેશા લોકોને અધિકારોથી વંચિત રાખ્યા છે.

### સ્વચ્છતા સર્વેક્ષણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકત્રિત કરવાની વ્યવસ્થા ઉપરાંત ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા , ડમ્પીંગ સાઈટ સહીતની બાબતોનુ વિશેષ રીતે નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. કચરો હટાવી શહેરને રોચક બનાવતી સઘળી કામગીરી અંગે પણ માહીતી એકત્રિત કરવામાં આવી હતી. સ્વચ્છ શહેરની કક્ષાનો તાગ મેળવવા માટે અનેક માપદંડો ધ્યાને લેવામાં આવે છે. જયારે સ્વચ્છતાના મામલે નાગરિકોનો અભિપ્રાય પણ લેવાનુ શરૂ કરાયુ છે. ગત જુલાઈ મહીનાના પ્રથમ સપ્તાહ દરમિયાન ઓનલાઈન સર્વેક્ષણની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી જયારે અત્યાર સુધીમાં ૬૫૦૦ નાગરિકો આ સર્વેમાં ભાગ લઈ પોતના અભિપ્રાયો રજુ કર્યા છે. સ્વચ્છતા સર્વેક્ષણ પુર્ણ થવામાં હવે માંડ બે દિવસનો સમય બાકી છે. જો કે અગાઉ પણ આ મામલે ૧૫ દિવસ જેટલો સમય લંબાવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સ્થિતિ વચ્ચે ઉલ્લેખનીય છે કે અગાઉ મધ્યપ્રદેશ સ્થિત ઈન્દોર પ્રથમ સ્થાને રહ્યુ હતુ જયારે ગાંધીનગર અગાઉ આ મામલે ૨૨ માં ક્રમે રહ્યુ હતુ. શહેરમાં નમુનારૂપ સફાઈ વ્યવસ્થા હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. ત્યારે ડમ્પીંગ સાઈડની યોગ્ય વ્યવસ્થાના અભાવે સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગરને પછડાટ મળતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર સમાચાર

જાહેર નોટીસ / કોર્ટ નોટીસ

● રૂ. ૭૮૦/- ૨ કોલમ X ૬ સે.મી. (ફિક્સ) B&W

● રૂ. ૧૩૦૦/- ૨ કોલમ X ૧૦ સે.મી. (ફિક્સ) B&W

ત્યારબાદ ઉપરના વધારાના પ્રતિ કોલમ X સે.મી.ના રૂ. ૬૨/- ચાર્જ રહેશે

જાહેરાત આપવા સંપર્ક

મો. 98797 97884, ફોન. : 079-2322251